કેસ દાખલ કર્યા તારીખ : ૨૮–૬–૨૦૦૨.

કેસ રજીસ્ટરે લીધા તારીખ : ૨૮–૬–૨૦૦૨.

કેસ ફેસલ કર્યા તારીખ : ૧૭–૫–૨૦૧૮.

સમય : વર્ષ–૧૫, માસ –૧૦, દિવસ–૧૯.

અમદાવાદ શહેરના એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટ નં.૬,અમદાવાદમાં.

ક્રિ.કેસ નં. ક્રિ.કેસ નં.૬૦૦૦૧૨/૨૦૦૨.

આંક :–

ફરીયાદી.....શ્રી વિમલકુમાર બંસીલાલ ચૌહાણ.

ફુડ ઈન્સ્પેકટર,અ.મ્યુ.કો.,

અમદાવાદ.

વિરુધ્ધ

આરોપી.......હરેશભાઈ ઘનશ્યામદાસ ગુરબાની.

રહેવાસી : ૪૪/૧, નવા જી–વોર્ડ,

કુબેરનગર,અમદાવાદ.

ગુનો : ધી પ્રીવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટ–૧૯૫૪ ની કલમ–૭(૧) નો ભંગ કરી સદરહું એકટની કલમ–૧૬(૧)(એ)(૧) મુજબ.

ફરીયાદપક્ષ તરફે વિ.વ.કુ.એન.વી.કપાસી.

આરોપી તરફે કોઈ નહિ.

## જ જ મે ન્ટ

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી પોતે ફુડ ઈન્સ્પેકટર છે અને તેઓએ આ કામના આરોપીના ત્યાંથી પૃથ્થકરણના હેતુ માટે ઘીનો નમુનો લીધેલો અને તે ઘીના નમુનાને પબ્લિક એનાલીસ્ટ મારફતે પૃથ્થકરણ કરાવતા, આ ઘીના નમુનામાં બી.આર.રીડીંગ એટ ૪૦ં સે.એ ૪૦ થી ૪૩.૫ હોવા જોઈએ તેના બદલે ૪૩.૯ છે એટલે ક બી.આર. રીડીંટ એટ ૪૦ં સે.એ ૦.૪ વધારે છે તેમજ રીચર્ટ વેલ્યુ ઓછામાં ઓછી ૨૪ હોવી જોઈએ તેના બદલે ૨૨.૪૮ છે એટલે કે રીચર્ટ વેલ્યુ ૧.૫૨ ઓછી છે તેવું ભેળસેળવાળું ઘી આરોપીએ ફરીયાદીને વેચીને ધી પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટની કલમ–૭(i) સાથે કલમ–૧૬(૧)(એ)(i) મુજબનો ગુનો કરેલ છે, તેવું જણાવી હાલની ફરીયાદ કરેલી છે.

૨) આ કામે આરોપી સામે વારંવાર પ્રોસેસ કાઢવામાંઆવેલ છે અને પ્રોસેસ બજેલ નથી. આરોપીનું કોઈ ચોકકસ સરનામું આવેલ નથી અને તેથી ફરીયાદીને નોટીસ કર્તા ફરીયાદીએ હાજર થઈ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધી લેવા અરજી આપેલી છે અને તેમા આ કામના આરોપીનું કોઈ ચોકકસ સરનામું મળતું નથી અને આ કેસ વર્ષો જુનો થઈ ગયેલ છે અને હવે જો કોઈ પુરાવો નોંધવામાં આવે તો ફરીયાદપક્ષનો પુરાવો નાશ પામેલ હોઈ તેમ જણાવી આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષના પુરાવા નોંધી લેવા અરજ ગુજારેલ છે.

૩) આ કામે કેસ જોતાં વર્ષોથી આરોપી હાજર નથી અને આરોપીનું કોઈ ચોકકસ સરનામું આવેલ નથી અને પ્રોસેસ બજેલ નથી તે સંજોગોમાં ના.ગુજરાત વડી અદાલતનો સરકયુલર નં.સી ૨૬૧૮/૨૦૧૬, તા.૫–૭–૨૦૧૬ ના સરકયુલર તથા સી.આર.પી.સી. કલમ–૨૯૯ ની જોગવાઈ ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં

ફરીયાદપક્ષનો પુરાવો નોંધવાનો હુકમ થયેલ છે અને તે હુકમ મુજબ આ કામે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૪) ફરીયાદપક્ષે આ કામે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

મૌખિક પુરાવા :–

૧... ફરીયાદીશ્રી વિમલ બંસીલાલ ચૌહાણની જુબાની આંક–૧૭.

દસ્તાવેજી પુરાવા :–

૧..અસલ ફરીયાદ,આંક–૧.

૨...પી.એ.નો રીપોર્ટ, આંક–૨.

૩...ફરીયાદી ફુડ ઈન્સ્પેકટર તરીકે નિમાયા અંગેના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલા જાહેરનામાની નલક આંક–૧૮.

૪...નમુનો લેતાં સમયે ફોર્મ નં.૬ માં આપેલ લેખિત ઈન્ટીમેશન આંક–૧૯.

૫...આરોપીને નાણાં મળ્યા બદલની પહોંચ આંક–૨૦.

૬...આરોપીએ લખી આપેલ કેશમેમો આંક–૨૧.

૭...નમુનાના બે ભાગ એલ.એચ.એ.ને મોકલ્યાનો પત્ર આંક–૨૨.

૮...આરોપીને કલમ–૧૩(૨) મુજબ પી.એ.નો રીપોર્ટ તથા એલ.એચ.એ. નો પત્ર મોકલાવેલ તેના પૈસા ભર્યાની પાવતી આંક–૨૩.

૯...આરોપીને મોકલાવેલ કલમ–૧૩(૨) મુજબની નોટીસ આરોપીને બજી ગયેલ તેની એકનોલજમેન્ટ રશીદ,આંક–૨૪.

૧૦..આરોપીને મોકલાવેલ એલ.એચ.એ.પત્રની નકલ, આંક–૨૫.

૫) સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) ની જોગવાઈ જોતાં જયારે ફરીયાદપક્ષના પુરાવાઓ ઉપરથી આરોપી દોષિત ઠરતા ન હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ ચુકાદો જાહેર થઈ શકે અને કેસનો નિર્ણય થઈ શકે તેવી જોગવાઈ

છે અને તે જોગવાઈ ધ્યાને લઈ આ કામે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તે પુરાવા ઉપરથી આ કેસનો નિર્ણય કરવામાં આવેલ છે.

૬) ફરીયાદ અને ફરીયાદપક્ષે પડેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :–

૧......શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી પોતે ફુડ ઈન્સ્પેકટર છે અને તેઓએ પૃથ્થકરણના હેતુથી નમુનો લેવાનો છે તેવું જણાવી આરોપીના ત્યાંથી ઘીનો નમુનો લીધેલો અને તે ઘીને પબ્લિક એનાલીસ્ટ મારફતે પૃથ્થકરણ કરાવતા ઘીમાં બી.આર.રીડીંગ એટ ૪૦ં સે.એ ૪૦ થી ૪૩.૫ હોવા જોઈએ તેના બદલે ૪૩.૯ છે એટલે ક બી.આર. રીડીંટ એટ ૪૦ં સે.એ ૦.૪ વધારે છે તેમજ રીચર્ટ વેલ્યુ ઓછામાં ઓછી ૨૪ હોવી જોઈએ તેના બદલે ૨૨.૪૮ છે એટલે કે રીચર્ટ વેલ્યુ ૧.૫૨ ઓછી છે અને તેથી આરોપીનો નમુનો ભેળસેળવાળો હતો અને તેમ કરી આરોપીએ ઘી પી.એફ.એ. એકટની કલમ–૭(ı) સાથે કલમ–૧૬(૧) (એ)(ı) મુજબનો ગુનો આચરેલ છે ?

૨... આખરી શું હુકમ ?

૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧...નકારમાં.

૨... આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણયો અંગેના કારણો</u> :–**

**૮) સૌપ્રથમ એ હકીકતની ચર્ચા કરવી જરુરી જણાય છે કે, ક્રિમીનલ જયુરીશ–પ્રુડન્શના સિધ્ધાંત મુજબ આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષની છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ એવી રીતે પુરવાર કરવો જોઈએ કે, અદાલત એવું માનવા પ્રેરાય કે બીજા કોઈ નહી પરંતુ માત્ર અને માત્ર આરોપીએ જ ગુનો આચરેલ છે અને જો ફરીયાદપક્ષના પુરાવાઓમાં કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો તે શંકાનો લાભ હંમેશા આરોપીને આપવાનો રહે છે. તે જ રીતે જયારે બે પ્રકારના અનુમાન થઈ શકતા હોય કે જેમાંથી એક અનુમાન આરોપીએ ગુનો કરેલ છે તેવું માનવા માટે પ્રેરતું હોય અને બીજું અનુમાન આરોપીની નિર્દોષતા તરફ પ્રેરતું હોય તો જે અનુમાન આરોપીની નિર્દોષતા તરફ પ્રેરતું હોય તેવું અનુમાન અદાલતે કરવું જોઈએ.**

**૯) આ કામે ફરીયાદીએ આંક–૧૭ થી સોગંદ ઉપર જુબાની આપેલી છે જેમાં ફરીયાદીએ એવી હકીકત જણાવેલી છે કે, ''હુ અ.મ્યુ.કો.ના હેલ્થ વિભાગમાં** હેલ્થ ફલાઈંગ સ્કોડમાં ફુડ ઈન્સ્પેકટર તરીકે મારી ફરજ બજાવું છું. રાજય સરકારશ્રીના તા.૧૮–૯–૧૯૯૭ ના રોજના ગેઝેટમાં અનુક્રમ નં.૧૬ થી દર્શાવીને પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જે રાજય સરકારશ્રીના ગેઝેટની ઝેરોક્ષ નકલ આ સાથે રજુ કરું છું. સદર ગેઝેટની નકલ રજુ થતી હોઈ તેને દાખલ આંક–૧૮ આપવામાં આવે છે.

હું તા.૧૫–૪–૨૦૦૨ ના રોજ બપોરના ૩–૦૦ કલાકે મારા પટાવાળા જગદીશ એમ.બારોટ સાથે જોગેશ્વરીના છાપરા, છગનભાઈ ભરવાડના કંપાઉન્ડમાં બંગલા એરીયા, કુબેરનગર, અમદાવાદ વાળી જગ્યાએ ગયેલ ત્યાં હરેશભાઈ ઘનશ્યામદાસ ગુરબાની શુધ્ધ ઘી વિગેરેનું વેચાણ કરતા હતા. ત્યાંથી પસાર થતાં પીતામ્બર ગુલાબરાય માણેકને પંચ તરીકે રૂબરૂ બોલાવતા આ ધંધાવાળી જગ્યાએ સ્વેચ્છાએ પંચ તરીકે હાજર થયેલ. ત્યારબાદ આરોપીની દુકાનમાં રહેલા ખાદ્યપદાર્થની ભાવ અને જાત પુછતા આરોપીએ પંચની હાજરીમાં જણાવેલ કે આ શુધ્ધ ઘી

છે અને તેનો એક કીલોનો ભાવ રૂા.૧૧૦/– છે. તે ઉપરથી મેં આરોપીને રોકડા રૂા.૪૯.૫૦ ચુકવી આશરે ૪૫૦ ગ્રામ ઘી ખરીદ કરેલ જે આરોપીએ માપીયા વડે બરાબર હલાવી, એકરસ કરી માપીયા વડે માપી મારી પાસેના ખાલી, કોરા, સાફ, ચોખ્ખા એલ્યુમીનીયમના ટમલરમાં આપેલ.

ત્યારબાદ મેં લેખિતમાં ઈન્ટીમેશન બનાવી તેની ડુપ્લીકેટ આરોપીને આપેલ અને અસલ ઈન્ટીમેશનની પાછળના ભાગે આરોપી તથા હાજર પંચની સહીઓ લીધેલ. ત્યારબાદ આરોપીને પંચની હાજરીમાં જણાવેલ કે આ ઘીનો નમુનો પી.એ.ટુ પી.એચ.એલ., અ.મ્યુ.કો.ને મોકલવાનો છે તેવી મૌખિક જાણ કરી ઈન્ટીનેશનની કોપી આરોપીને આપેલ અને અસલ કોપીની પાછળના ભાગે આરોપી તથા હાજર પંચની સહીઓ લીધેલી અને રૂબરૂપણામાં મેં સહી કરેલ જે અસલ ઈન્ટીમેશન આ સાથે રજુ કરું છું. જેને દાખલ આંક–૧૯ આપવામાં આવે છે.

મેં આરોપીને જે કીંમત રોકડમાં ચુકવેલ તે અંગે અ.મ્યુ.કો.ની પહોંચ બનાવી તેની નીચેના ભાગે આરોપી તથા હાજર પંચની સહીઓ લીધેલ અને રૂબરૂપણામાં મેં સહી કરેલ જે અસલ પહોંચ આ સાથે રજુ કરું છું. જેને દાખલ આંક–૨૦ આપવામાં આવે છે.

મેં આરોપીને જે કીંમત ચુકવેલ તે અંગે આરોપીએ મને કેશમેમો બનાવી આપેલ જે અસલ કેશમેમો રજુ થતાં તેને દાખલ આંક–૨૧આપવામાં આવે છે.

મેં આરોપી પાસેથી પંચની હાજરીમાં ઘીની કિંમત ચુકવી ઘી ખરીદ કરેલ જે આરોપીએ મને એલ્યુમીનીયમની નળીમાં રહેલ ચમચા વડે હલાવી, એકરસ કરી મારી પાસેની ખાલી, કોરી, સાફ, ચોખ્ખી, કાચની બોટલમાં આપેલ જેને મારી પાસે રહેલ લેબલવાળી ખાલી, કોરી, સાફ, ચોખ્ખી, ગંધ તેમજ ભેજરહીત સ્વચ્છ કાચની બોટલમાં સરખે ભાગે ભરી તેની ઉપર એરટાઈટ બુચ લગાવી, મારી પાસે રહેલ પટાવાળાને સીલીંગ પેકીંગ કરવા માટે મેં આપેલ. મારા પટાવાળાએ મારી તથા આરોપીની હાજરીમાં મારી સુચના મુજબ ત્રણે બોટલોના બુચ ઉપર એક–એક સીલ લગાવી ઉપરથી નીચે ગોળ ફરતે આવે તે રીતે સાદી ગુંદરપટ્ટી ચોંટાડી માથાના ભાગે ગોળ ફરતે આવે તે રીતે દોરી વીંટાળી, દોરીની ગાંઠ મારી, ગાંઠ ઉપર એક સીલ તથા તેની સામેની બાજુએ બીજું એક સીલ

એમ દરેક બોટલને ૨–૨ સીલ મારી આ સેમ્પલ બોટલ મારા પટાવાળાએ મને પરત આપેલ. આ સેમ્પલ બોટલના લગાવેલ લેબલ ઉપર જરુરી વિગતો ભરી નીચે મેં મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની સહીઓ કરેલ. લેબલની એકબાજું તથા સાદી ગુંદરપટ્ટી ઉપર આરોપીની સહી લીધેલ અને લેબલની બીજીબાજું તથા સાદી ગુંદરપટ્ટી ઉપર હાજર પંચની સહીઓ લીધેલ. ત્યારબાદ આ ત્રણેય સેમ્પલ બોટલ મેં મારા પટાવાળાને ફરિથી સીલીંગ પેકીંગ કરવા માટે આપેલ. મારા પટાવાળાએ મારી સુચના મુજબ આરોપી તથા પંચની હાજરીમાં અલગ અલગ ખાલી, કોરા, સાફ, જાડા બ્રાઉન પેપરમાં અલગ અલગ બોટલ મુકી તેના છેડા સફાઈપુર્વક વાળી ગુંદરથી ચોંટાડી ઉપરથી નીચે ગોળ ફરતે આવે તે રીતે એલ.એચ.એ. સાહેબની સહી, સીરીયલ નંબર કોડવાળી પટ્ટી, ગુંદરથી ચોંટાડી આડી, ઉભી ગોળ, ફરતે આવે તે રીતે દોરી વીંટાળી દોરીની ગાંઠ ઉપર મોઢાના ભાગે આવે તે રીતે મારી દોરીની ગાંઠ ઉપર એક સીલ, નીચે તળીયે મધ્યમાં બીજું એક સીલ તથા મધ્યમાં દોરી ક્રોસ થાય તે રીતે આમને સામને આવે તે રીતે બીજા ૨–૨ એમ કુલ ૪–૪ સીલ લગાવી ત્રણેય સેમ્પલ બોટલ મારા પટાવાળાએ મને પરત આપેલ. દરેક સેમ્પલ બોટલના રેપર ઉપર લેબલ મુજબની જરુરી વિગતો ભરી નીચે મેં મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની સહીઓ કરેલ. એલ.એચ.એ.પટ્ટી અને રેપરને ક્રોસ થાય તે રીતે આરોપીના ડાબા હાથના અંગુઠાનું નિશાન તથા હાજર પંચની સહીઓ લીધેલ. આ ત્રણેય સેમ્પલ બોટલ લઈ અમે ઓફીસ પરત આવેલા.

આ કામમાં વાપરવામાં આવેલ કાચની બોટલ, સ્ટીલનું ટમલર, સ્ટીલની ચમચી વિગેરે સાધનો મેં મારા પટાવાળા પાસે ચાલુ કામકાજના આગળના દિવસે સાબુ, સોડા, બ્રશ વડે ધોવડાવી સાફ કરાવી, લાકડાના ઘોડામાં સુકવવા માટે ઉંધા મુકેલા.

ઓફીસે પરત આવી મેં મેમોરેન્ડમની મેં ચાર નકલ તૈયાર કરેલ. એકસાદી ખાલી, કાગળની થેલીમાં મેમોરેન્ડમની એક પ્રત તથા મારી સીલની છાપ અને સહીના નમુનાવાળી પ્રત મુકી તેના છેડાવાળી ગુંદરથી ચોંટાડી, આડી ઉભી ગોળ ફરતે દોરી વીંટાળી દોરીની ગાંઠ મારી ગાંઠ ઉપર એક સીલ લગાવી સીલબંધ પેક પેકેટ તૈયાર કરેલ. બીજી ખાલી કાગળની થેલીમાં એક સેમ્પલ બોટલ તથા

મેમોરેન્ડમની એક પ્રત મુકી તેના છેડાઓ સફાઈ પુર્વક વાળી ગુંદરથી ચોંટાડી, આડી, ઉભી, ગોળ, ફરતે દોરી વીંટાળી, દોરીની ગાંઠ મારી ગાંઠ ઉપર એક સીલ લગાવી, બીજું એક સીલબંધ પેક પેકેટ તૈયાર કરેલ આ બંને સીલબંધ પેક પેકેટ તે જ દિવસે મારા પટાવાળા સાથે પી.એ.ટુ. પી.એચ.એલ. અ.મ્યુ. કો.ને તપાસ અર્થે મોકલી આપેલ. બીજી એક ખાલી, કાગળની થેલીમાં બીજા બે સેમ્પલ બોટલ મુકી મેમોરેન્ડમની બે પ્રત મુકી તેના છેડાવાળી ગુંદરથી ચોંટાડી આડી, ઉભી ગોળ ફરતે દોરી વીંટાળી દોરીની ગાંઠ મારી, દોરીની ગાંઠ ઉપર એક સીલ તથા બાજુમાં બીજું એક સીલ લગાવી, આ પેક પેકેટ તેજ દિવસે મારા ફરોવર્ડીગ પત્ર સાથે એમ.ઓ.એચ. એન્ડ એલ.એચ.એ.ને આપવા માટે રૂબરૂ ગયેલ. જેઓએ સીલબંધ સેમ્પલ પેકેટ સ્વીકારવા બદલ રીસીવ્ડનો સીકકો લગાવી સહી કરી આપેલ જે સહી મારી રૂબરૂમાં થયેલ હોવાથી હું ઓળખી બતાવું છું જે આ સાથે રજું કરું છું. સદર ફોરવર્ડીગ પત્ર રજુ થતાં તેને પાકો દાખલ આંક–૨૨ આપવામાં આવે છે.

**મેં લીધેલ નમુનો પી.એ., ટુ. પી.એચ.એલ., અ.મ્યુ.કો.ને તપાસ અર્થે મોકલી આપેલ અને તે તપાસમાં શુધ્ધ ઘી ભેળસેળવાળું માલુમ પડેલ અને તેથી પી.એ.એ આ નમુનો ભેળસેળવાળો હોવાનું ઠરાવેલ હતું.આ પી.એ.નો રીપોર્ટ મળેલ ત્યારબાદ મેં મારી ફરીયાદ તૈયાર કરેલી, ફરીયાદની સાથે ઈન્ટીમેશન, પી.એ.નો રીપોર્ટ, પહોંચ, ફોરવર્ડીગ પત્ર વિગેરે લાગતાવળગતા દસ્તાવેજો સાથે હું મંજુરી મેળવવા ડી.વાય.એમ.સી.શ્રી વિનય વ્યાસા સાહેબ પાસે રૂબરૂ ગયેલ, જેઓએ મારી ફરીયાદ સાથેના તમામ દસ્તાવેજો જોઈ, વાંચી, તપાસી ફરીયાદ કરવાની મંજુરી આપતો શેરો કરી સહી કરી આપેલ, જે સહી મારી રુબરુમાં થયેલ હોવાથી ઓળખી બતાવું છું. ફરીયાદમાં લખેલ તમામ હકીકત સાચી છે.ફરીયાદની નીચે મેં મારી ફુડ ઈન્સ્પેકટર તરીકેની સહી કરેલ છે.ફરીયાદ દાખલ કરવાની મંજુરી મળ્યા બાદ મેં ના.કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલી. ફરીયાદની સાથે પી.એ.નો રીપોર્ટ અને જામીનખત રજુ કરેલ.સદર પી.એ.નો રીપોર્ટ આ કામે આંક–૨ થી રજુ કરેલો છે.**

મેં ફરીયાદ દાખલ કર્યા બાદ એમ.ઓ.એચ. એન્ડ એલ.એચ.એ. મારફતે કલમ–૧૩(૨) ની નોટીસ અને પી.એ.નો રીપોર્ટ રજી.એ.ડી. પોષ્ટથી આરોપીને મોકલી આપેલ જે આર.પી.એ.ડી.ની પૈસા ભર્યાની પહોંચ આ સાથે રજુ કરું છું.સદર પહોંચને પાકો દાખલ આંક–૨૩ આપવામાં આવે છે.

આરોપીને મોકલેલ કલમ–૧૩(૨) મુજબની નોટીસ જે આરોપીને બજી ગયેલ છે જેની એકનોલેજમેન્ટ રશીદ આ સાથે રજુ કરું કરું છું. સદર એકનોલજમેન્ટ રશીદને દાખલ આંક–૨૪ આપવામાં આવે છે.

આરોપીને એલ.એચ.એ.પત્રની નકલ મોકલાવેલ જે રજુ થતાં તેને પાકો દાખલ આંક–૨૫ આપવામાં આવે છે."

૧૦) આ કામે આંક–૧૮ થી ફુડ ઈન્સ્પેકટરની નિમણુંના ગેઝેટની નકલ રજુ થયેલ છે, આંક–૧૯ થી નમુનો લેવા માટે આરોપીને નમુના નં.૬ માં આપેલ નોટીસ રજુ થયેલ છે તે જોતાં આરોપીને નોટીસ અપાયેલ હોય તેવું જણાય છે. આંક–૨૦ થી ફરીયાદીએ આરોપીને કિંમત ચુકવી તે બાબતની પહોંચ રજુ થયેલ છે. આંક–૨૧ થી આરોપીને નમુનાના માલ અંગે કિંમત મળેલી હોય તે બાબતે આરોપીએ આપેલ કેશમેમો રજુ થયેલ છે. આંક–૨૨ થી નમુનાના બે ભાગ એલ.એચ.એ.ને મોકલવામાં આવેલા તે દસ્તાવેજ રજુ થયેલ છે તે જોતાં આ નમુનાના બે ભાગ એલ.એચ.એ.ને તા.૧૫–૪–૨૦૦૨ ના રોજ મોકલવામાં આવેલ હોય એટલે કે નમુનો લીધો તેજ દિવસે મોકલવામાં આવેલ હોય તેવું જણાય છે. આંક–૨૩ થી આરોપીને મોકલેલ નોટીસ અંગેના આર.પી.એ.ડી.ની પહોંચ રજુ થયેલ છે.આંક–૨૪ થી સદર નોટીસ આરોપીને બજી ગયેલ જેની એકનોલેજમેન્ટ રશીદ રજુ થયેલ છે. આંક–૨૫ થી એલ.એચ.એ.એ આરોપીને રજી.એ.ડી.થી મોકલાવેલ પત્ર રજુ કરેલ છે.

૧૧) આ કામે ફરીયાદપક્ષે પડેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો આ કામે ફરીયાદીએ કોઈ પંચનામું રજુ કરેલ નથી અને કોઈ પંચને તપાસેલ નથી. ફરીયાદીની જુબાની જોતાં તેઓએ આ નમુનો સ્વતંત્ર સાહેદની હાજરીમાં એટલે કે પંચની હાજરીમાં લીધેલ હોવાનું જણાવેલ છે જયારે પંચ હાજર જ હતા તો પંચનામું શા માટે કરેલ નથી તે બાબતે કોઈ ખુલાસો રજુ કરેલ નથી કે કોઈ પંચને તપાસેલ નથી તે જોતાં નમુનો લેવામાં આવેલ છે તે નમુનો સ્વતંત્ર સાહેદની હાજરીમાં લેવામાં આવેલ હતો તેવું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી અને તેથી ધી પી.એફ.એ. એકટની કલમ–૧૦ ની પેટા કલમ–૭ કે જે ફરજીયાત પાલન કરવાની જોગવાઈ છે તેનો સરીયામ ભંગ કરવામાં આવેલ હોય તેવું જણાય છે અને જયારે ફરજીયાત પાલન કરવાની જોગવાઈનો ભંગ થયેલ હોય ત્યારે ફરીયાદપક્ષનો કેસ માની શકાય નહી અને તેનો લાભ આરોપીને જ આપવો પડે.

૧૨) આ કામે ફરીયાદીની જુબાની જોતાં નમુનો લેવાના સાધનો ચાલુ કામકાજના આગળના દિવસે પોતાના પટાવાળા મારફતે ધોવડવોલ તેવું જણાવે છે તે જોતાં સ્થળ ઉપર સાધનો ધોયેલ હોય તેવું જણાતું નથી. તે ઉપરાંત સાધનો ધોનાર પટાવાળાને કે નમુનાનું સીલીંગ પેકીંગ કરનાર પટાવાળાને પણ આ કામે ફરીયાદપક્ષે સાક્ષી તરીકે તપાસેલ નથી. આ સાહેદ ફરીયાદપક્ષનો પોતાનો કર્મચારી છે અને નજરે જોનાર સાહેદ છે તેથી ખુબ જ અગત્યના સાક્ષી ગણાય તેમ છતાં ફરીયાદપક્ષ ફરીયાદીના પોતાના પટાવાળાને પણ તપાસેલા નથી તે જોતાં ફરીયાદીએ મહત્વના સાક્ષીને પણ તપાસેલા ન હોય તેવું જણાય છે.

૧૩) આ કામે ફરીયાદપક્ષના પુરાવા જોતાં મંજુરી આપનાર અધિકારીએ કયા કારણોસર અને કયા દસ્તાવેજોને ધ્યાને લઈ મંજુરી આપેલ છે તે બાબતે કોઈ ખુલાસો કરેલ નથી, પરંતુ ફરીયાદ ઉપર જ " સ્ક્રુટીનાઈઝડ ઓલ ધ પેપર્સ એન્ડ

પ્રોસીકયુશન ઈજ સેંકશન્ડ" તેવો શેરો કરી દીધેલ છે જે જોતાં મંજુરી આપનાર અધિકારીએ કોઈપણ જાતનું માઈન્ડ એપ્લાય કર્યા સિવાય આ મંજુરી આપેલ હોય તેવું જણાય છે અને તેથી આ મંજુરી એ કાયદેસરની મંજુરી જણાતી નથી તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરી શકેલ નથી તેવા તારણ પર હું આવું છું અને તેથી મુદ્દા નં.૧ નો જવાબ હું નકારમાં આપું છું અને સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) ની જોગવાઈઓ ધ્યાને લઈ મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**હુ ક મ**

આ કામના આરોપીને ક્રિ.કેસ નં.૬૦૦૦૧૨/૨૦૦૨ ના કામે તેઓ વિરુધ્ધના ધી પ્રીવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટની કલમ–૭(I) સાથે કલમ–૧૬(૧)(એ)(I) મુજબના ગુનામાંથી સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬) સાથે સી.આર.પી.સી. કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

હુકમ આજ તા.૧૭–૫–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭–૫–૨૦૧૮. (અરફાત એ.વાયડા)

અમદાવાદ. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૬, અમદાવાદ.

કોડ નં. જીજે ૦૦૯૮૬